દાવો દાખલ તારીખઃ–૨૭/૧૧/૨૦૧૭

રજી. લીધા તારીખઃ– ૨૭/૧૧/૨૦૧૭

ફેંસલ થયા તારીખઃ– ૧૭/૧૦/૨૦૧૮

સમય ગાળો– વર્ષ–માસ–દિવસ

૦૦– ૧૦–૨૦

**સુરેન્દ્રનગર જીલ્લાના બીજા એડિશનલ ડીસ્ટ્રીકટજજ(શ્રી.એસ.એમ.રાજપુરોહિત) સાહેબની અદાલત સમક્ષ,મુકામઃ–ધ્રાંગધ્રા.**

**રેગ્યુલર સીવીલ સ્યુટ નં. ૨૬૬/૨૦૧૭**
**આંકઃ– ૨૨.**

**પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ,**
મુ.રાજકોટ સબ ડીવીઝન ઓફીસ મુ.પાટડી
નાયબ ઈજનેરશ્રી મારફત ...............વાદી.

**વિ રુ દ્ધ**

**ઈશ્વરભાઈ પોપટભાઈ**
ઉ.વ.આ.૩૭,ધંધો–ખેતી/મજુરી
મુ.પોરડા
તા.દસાડા,જી.સુરેન્દ્રનગર ..............પ્રતિવાદી.

**બાબતઃ–** દાવો રૂા. ૧૧૫૯૮–૭૬ પૈસા વસુલ મેળવવા અંગેનો ( ધી ઈલે.સીટી એકટની કલમ ૧૩૫ મુજબ વિજચોરી ના બિલની રકમ વસુલ લેવા અંગે)

**એડવોકેટસઃ–**

| | | |
|---|---|---|
| વાદી તરફે. | : | વિધ્વાન વ.શ્રી. જી.એમ.મહેતા |
| પ્રતિવાદી તરફે. | : | એક તરફી. |

**—: ચુ કા દો :—**

**૧.** આ કામના વાદી પશ્રિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ, સબ ડીવીઝન ઓફીસ, પાટડીનાઓએ સદરહુ દાવો આ કામના પ્રતિવાદી વિરુધ્ધ ધી ઈલેકટ્રીકસીટી એકટની કલમ ૧૩૫ મુજબ વિજચોરીના બીલની રકમ વસુલ મેળવવા અત્રેની અદાલતમા દાખલ કરેલ છે.

**૨.** આ કામના વાદીના દાવાની ટુંકમાં હકિકત એવા પ્રકારની છે કે, વાદી કંપનીની મુખ્ય ઓફીસ રાજકોટ મુકામે આવેલ છે અને સબ ડીવીઝન ઓફીસ પાટડીમા આવેલ છે. આ કામના પ્રતિવાદી ચેકીંગ સમયે વાદી બોર્ડના કાયદેસરના વિજ ગ્રાહક નથી. આ કામના પ્રતિવાદીનુ રહેણાંકનુ ગેરકાયદેસર વિજ–સ્થાપનનુ વાદી કંપનીના અધિકારીઓએ તા. ૫–૧–૨૦૧૬ ના રોજ ચેકીંગ કરતા આ કામના પ્રતિવાદી વિજ ચોરી કરતા મળી આવેલા.પ્રતિવાદીએ વાદી કપંનીની હળવા દબાણની લાઈનમા ગેરકાયદેસર વિજજોડાણ કરી અને તે રીતે બિનઅધિકૃત વિજ વપરાશ કરી વિજ ચોરી કરતા માલુમ પડેલ. તે અંગેની નોંધ ચેકીંગશીટમા કરેલ છે પ્રતિવાદી કુલ્લે ૭૮ વોટનો વિજ વપરાશ કરતા મળી આવેલા. જેથી ચેકીંગ અધિકારીઓએ સ્થળ ઉપર ચેકીંગ શીટ તૈયાર કરેલ અને રોજકામમા સહી કરેલ. ત્યારબાદ આ કામના પ્રતિવાદીને વાદી વિજ કંપનીના અધિકારીએ એ.બી.સી.ડી. ફોમ્યુલા મુજબ વિજ ચોરીનુ રૂા. ૮૬૩૨–૦૦ પૈસાનુ બીલ આપવામા આવેલ અને સદરહુ બીલની રકમ આ કામના પ્રતિવાદીએ ભરપાઈ કરી જવા ફોરવર્ડીંગ પત્ર આપેલ તેમ છતાં પ્રતિવાદીએ વાદી કંપનીને બીલની રકમ વસુલ આપેલ નથી.આમ વાદીએ પ્રતિવાદીને રકમ વસુલ આપી જવા માટે નોટિસ આપેલ તેમ છતાં બીલની રકમ પ્રતિવાદીએ વસુલ આપેલ નથી. જેથી વાદી કંપનીના પ્રતિવાદી પાસે ડી.પી.સી. ચાર્જના રૂા. ૨૯૬૬–૭૬ પૈસા મળી કુલ્લે રૂા. ૧૧૫૯૮–૭૬ પૈસાનો દાવો વાદી બોર્ડના નિયમ મુજબ ૧૫%ના ચડતા વ્યાજ સહીત આ કામના પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા મિલ્કતથી વસુલ કરી શકાય તેવુ વાદી કંપનીના લાભમા અને પ્રતિવાદી સામે હુકમનામુ કરી આપવા

વાદીએ હાલનો દાવો કરેલ છે.

૩. આ કામના પ્રતિવાદીને દાવો દાખલ થતા નોટિસ કરવામા આવેલ જે નોટિસ તેઓને બજતા તેઓ કોર્ટ સમક્ષ હાજર થયેલ નથી. જે નોટિસ આ કામે આંક–૫ થી રજુ થયેલ છે. તે છતાં આ કામના પ્રતિવાદી અદાલત સમક્ષ ઉપસ્થિત રહેલ નથી કે વાદીના દાવાનો કોઈ જવાબ રજુ રાખેલ નથી, જેથી પ્રતિવાદી સામે તા.૧૩/૮/૧૮ ના રોજ દાવો એકતરફી ચલાવવાનો હુકમ કરેલ છે.

૪. આ કામમા સદરહુ દાવાના આખરી નિર્ણય માટે આંક–ઃ ૬ થી નીચે મુજબના મુદ્દાઓ કાઢેલ છે.

(1). Whether the Plaintiff proves that the Plaintiff is entitled to get the suit amount?

(2). Whether the Plaintiff is entitled to get the interest? If yes, at what rate of interest?

(3) Whether the Plaintiff entitled to get relief as prayed for. ?

(4). What order & decree. ?

૫. ઉપરોકત મુદ્દાના સદર અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(1). Partly Affiremative.

(2). Partly Affiremative, 9 Percentage p.a.

(3). As per Final Order.

(4). As per Final Order.

૬. પ્રસ્તુત કામમા વાદી તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામા આવેલ છે.

**મૌખિક–પુરાવો**

(૧). આંકઃ– ૧૯ વાદી તરફે વાદી કંપનીના નાયબ ઈજનેર મિતેશ કાંતીલાલ તાબીયાડનું પુરાવાનું સોગંદનામું.

(૨). આંકઃ– ૨૦ વાદી તરફે વાદી કંપનીના ચેકીંગ અધિકારી મોહસીનભાઈ મહેબુબભાઈ શેખનુ પુરાવાનું સોગંદનામું.

**દસ્તાવેજી–પુરાવો.**

(૧). આંકઃ– ૦૮ ચેકીંગશીટ

(૨). આંકઃ– ૦૯ રોજકામ

(૩). આંકઃ– ૧૦ એનેક્ષર–૪

(૪). આંકઃ– ૧૧ ગણતરીપત્રક

(૫). આંકઃ– ૧૨ વિજચોરીનુ પુરવણી બિલ

(૬). આંકઃ– ૧૩ વિજચોરીના પુરવણી બિલ સાથેનો પત્ર

(૭). આંકઃ– ૧૪ ફરીયાદ કરવા લખેલ પત્ર

(૮). આંકઃ– ૧૫ પ્રતિવાદીને વકીલ મારફત આપેલ નોટીસ

(૯). આંકઃ– ૧૬ નોટીસ પ્રતિવાદીને મળ્યાની પહોંચ

(૧૦). આંકઃ– ૧૭ ડી.પી.સી.

(૧૧). આંકઃ– ૧૮ પરફોર્મા નં.૧૨

૭. બાદ આંક–૨૧ થી વાદીના વિધ્વાન વકીલશ્રીએ પોતાને વિશેષ પુરાવો રજુ કરવો ન હોય તે મતલબની પુરશીશ આપેલ છે. અત્રે એ હકિકત નોંધનીય છે કે, આ કામના પ્રતિવાદીને દાવાની નોટિસ બજી જવા છતાં તેઓએ અદાલત સમક્ષ ઉપસ્થિત રહી

કોઈ લેખિત કે મૌખિક પુરાવો રજુ કરેલ ન હોય, આ કામે વાદીના વિધ્વાન વકીલશ્રી ની દલીલો સાંભળવામા આવેલી.

## –: કા ર ણો :–

**મુદ્દા નં. ૧ થી ૪ :–**

**૮.** ઉપરોકત તમામ મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંલગ્ન હોય, હકિકતો તેમજ ચર્ચાનુ પુનરાવર્તન વારંવાર ન થાય તે આશયથી ઉપરોકત તમામ મુદ્દાઓની ચર્ચા એકીસાથે કરવામા આવેલ છે.

**૯.** આ કામમા વાદી તરફે આંક–૧૯ થી વાદી વિજ કંપનીના નાયબ ઈજનેર મીતેશકુમાર કાંતીલાલ તાબીયાડનુ તથા આંક–૨૦ થી ચેકીંગ અધિકારી મોહસીનભાઈ મહેબુબભાઈ શેખનુ પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે અને જેમા તેઓએ તેમની આંક–૦૧ની દાવા અરજીમા જે હકિકત જણાવેલ છે તે મુજબ તેઓએ પોતાનો પુરાવો રજુ રાખેલ છે. અને જણાવેલ છે કે, આ કામના વાદી કંપનીના અધિકારીઓ આ કામના પ્રતિવાદીના રહેણાંકના મકાનમા વિજ ચેકીંગ માટે ગયેલા અને આ કામના પ્રતિવાદી વિજ કંપનીના ગ્રાહક ન હોવા છતાં આંક ૧ ની દાવા અરજી ની વીગતે વિજ વપરાશ કરી વિજ ચોરી કરતા મળી આવતા તેની સામે રજુ રાખેલ દ.પુ. સાથેની કાયદેસરની કાર્યવાહી કરી પ્રતિવાદીને પાવર ચોરીનુ પુરવણી બીલ આપવામા આપેલ છે. અને પ્રતિવાદીએ પુરવણી બિલની રકમ ન ભરેલ હોય, જેથી વાદીએ વિજબીલના રૂા.૮૬૩૨–૦૦ પૈસા તથા વિલંબીત ચાર્જના રૂા.૨૯૬૬–૭૬ પૈસા મળી કુલ્લે રૂપિયા ૧૧૫૯૮–૭૬ પૈસાનો દાવો કરેલ છે અને તે અંગે જરુરી તમામ મૌખિક તથા દ.પુ. રજુ રાખેલ છે. અને નોટીસ આપવા છતા પ્રતિવાદીએ તેનો કોઈ જવાબ આપેલ નથી કે દાવા મુજબની રકમ ભરપાઈ કરેલ નથી. તેવુ વાદી કંપની તરફે રજુ થયેલ તમામ મૌખિક તથા દ.પુ. ના આધારે વાદી કંપની પુરવાર કરવામા સફળ નીવડે છે અને તેથી વાદી કંપની પુરવણી બીલની રકમ રૂા. ૮૬૩૨–૦૦ પૈસા વસુલ મેળવવા હકદાર ઠરે છે. આ કામે વાદી કંપનીએ પોતાની વિજચોરીની બાકી લ્હેણી નીકળતી રકમ ઉપર પ્રતિવાદી પાસેથી વિલંબિત ચાર્જની

માંગણી કરેલ છે. તેમજ સાથે સાથે બાકી લ્હેણી નીકળતી રકમ ઉપર ૧૫% ના દરે વાર્ષિક વ્યાજ અપાવવાનુ માંગણી કરેલ છે.પરંતુ વાદી કંપની વ્યાજ અને વિલંબિત ચાર્જ બન્ને એકીસાથે મેળવી શકતા નથી, વિલંબિત ચાર્જ એ પણ વ્યાજની વ્યાખ્યામા પડતુ હોય,વાદી કંપની પ્રતિવાદી પાસેથી પોતાની બાકી લ્હેણી નીકળતી રકમ રૂા. ૮૬૩૨–૦૦ પૈસા ઉપર વ્યાજ મેળવવા હકકદાર ઠરે છે. એ હકિકત છે કે, આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીની વિજચોરીની રકમ ભરપાઈ કરેલ નથી, પરંતુ આ કામના વાદીએ પ્રતિવાદી પાસેથી વિલંબિત ચાર્જના રૂા.૨૯૬૬–૭૬ પૈસાની માંગણી કરેલ છે તે વાદી કંપની પ્રતિવાદી પાસેથી મેળવવા હકકદાર બનતી નથી. આથી વાદી કંપનીના ડી. પી. સી. ચાર્જની રકમ રૂા.૨૯૬૬–૭૬ પૈસા બાદ કરતા વાદીના આ કામના પ્રતિવાદી પાસે રૂા. ૮૬૩૨–૦૦ પૈસા બાકી લ્હેણા નીકળતા હોવાનુ પુરવાર થાય છે. આ કામે વાદી કંપનીએ પોતાની બાકી લ્હેણી નીકળતી રકમ ઉપર પ્રતિવાદી પાસેથી ૧૫% ના દરે વ્યાજ મેળવવા જણાવેલ છે.

**૧૦.** પ્રસ્તુત કામે વાદી અને પ્રતિવાદી વચ્ચે કોઈ વ્યાજ અંગે કરાર થયેલ નથી.આ કામે વાદી સંસ્થા અને પ્રતિવાદી વચ્ચે ૧૫ % વ્યાજ અંગે કોઈ કરાર થયેલ નથી કે તે અંગે વાદીએ કોઈ આધાર દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.જેથી પક્ષકારો વચ્ચે વ્યાજ અંગેના કરારની ગેરહાજરમા દિવાની કાર્યરીતિ અધિનિયમ ૧૯૦૮ ની કલમ ૩૪ મુજબની જોગવાઈ ધ્યાને લેતા દાવાની તારીખથી હુકમનામાની તારીખ સુધીનુ ઍની કોર્ટને વાજબી લાગે તે દરે વ્યાજ અને તેની સાથે આવી મુદલ રકમ પર હુકમનામાની તારીખથી ચુકવણીની તારીખ સુધીનુ વાણિજયક લેવડ દેવડના સબંધમા રાષ્ટ્રીયકૃત બેંક જે દરે નાણા ઉછીના આપતી હોય કે ધીરતી હોય તે દર કરતા વધુ હોવુ જોઈશે નહી.હાલમા પ્રવર્તમાન દરમા બેંકોમા વ્યાજનો દર ૯ % નો છે.જેથી વાદી કંપનીએ જે વ્યાજની માંગણી કરેલ છે તે ઘણી વધુ પડતી હોય, વાદી કંપનીને પ્રર્વતમાન બેન્ક રેઈટ કરતા વધુ વ્યાજ અપાવી શકાય નહી, પરંતુ વાદી કંપનીને પોતાની લ્હેણી નીકળતી રકમ ઉપર વાર્ષિક ૦૯%ના દરે પ્રતિવાદી પાસેથી વ્યાજ અપાવવાનો હુકમ કરવામા આવશે તો તે ન્યાયોચિત લેખાશે. જેથી મુદ્દા નં. ૧ થી ૩ નો જવાબ તે રીતે આપી મુદ્દા નં. ૪

પરત્વે નીચે મુજબનો છેવટનો આદેશ કરવામા આવે છે.

**–: હુ ક મ :–**

(૧). વાદીનો દાવો આથી અંશતઃ મંજુર કરવામા આવે છે.

(૨). આ કામના પ્રતિવાદી ઈશ્વરભાઈ પોપટભાઈ, રહે.પોરડા ,તા–દસાડાવાળાને આથી એવો આદેશ કરવામા આવે છે કે,તેઓએ વાદી કંપનીને પોતાની લ્હેણી નીકળતી રકમ રુા.૮૬૩૨–૦૦ પૈસા (અંકે રૂપિયા આઠ હજાર છસ્સો બત્રીસ) દાવા તારીખથી રકમ વસુલ થાય ત્યાં સુધી વાર્ષિક ૦૯% ના વ્યાજ સહીત ચુકવી આપવા અને તે મુજબની રકમ વાદી કંપનીએ પ્રતિવાદી પાસેથી વસુલ મેળવવી.

(૩). દાવાનો ખર્ચ પ્રતિવાદીએ ભોગવવો.

(૪). હુકમ મુજબ હુકમનામું દોરવુ.

હુકમ આજ તા. ૧૭ મી માહે ઓકટોબર સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી, જાહેર કરવામા આવ્યો.

સ્થળ : ધ્રાંગધ્રા.
તારીખ : ૧૭/૧૦/૨૦૧૮

**(સવાઈસિંહ એમ.રાજપુરોહિત)**
બીજા એડિશ્નલ ડીસ્ટ્રીકટ જજ,
સુરેન્દ્રનગર, મુકામ–ધ્રાંગધ્રા.
[CODE NO.GJ 00544]